


અવધ ટાઈમ્સ

# ઇલેક્શન - ૨૦૨૪

www.avadhtimes.net અમરેલી ૨ તા.૦૪-૦૪-૨૦૨૪ ગુરૂવાર




## અમરેલી સંસદીય મત વિસ્તારના કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુંમર દ્વારા ઠેર ઠેર બેઠકો

# કુંકાવાવના ગામોમાં કોંગ્રેસ દ્વારા બેઠકો યોજાઇ

**બુધવારે કુંકાવાવાના અમરાપુર, બરવાળા બાવીશી, તોરી, રામપુર, અરજણસુખ ખાનખીજડીયા સહિતના ગામોમાં કોંગ્રેસની બેઠકો યોજાઇ : આગેવાનોની ઉપસ્થિતિ**

**જનસંપર્ક કાર્યક્રમના અહંકારના અંધકારમાંથી ઉજળું અમરેલી બનાવવા અને જીતનો વિશ્વાસ અપાવવા બદલ હું તમામ ગ્રામજનોનો આભાર વ્યક્ત કરું છું : જેનીબેન ઠુંમર**



અમરેલી,

અમરેલી જિલ્લામાં ચૂંટણી માહોલ બરોબર જામ્યો છે. ત્યારે અમરેલી જિલ્લામાં કોંગ્રેસ પક્ષ દ્વારા સૈથી નાની વયના મહિલા અને સૌથી શિક્ષીત ઉમેદવારને ચૂંટણી ઉમેદવાર બનાવ્યા છે. જેથી અમરેલી જિલ્લાના પ્રશ્નો દિલ્હીના દરબારમાં સારી રીતે રજુ થઈ શકે.

કુકાવાવ વિસ્તારના ગ્રામ્ય વિસ્તારના પ્રવાસ દરમ્યાન બહેનો દ્વારા જેનીબેન ઠુમ્મરનું ઠેર-ઠેર સ્વાગત થઈ રહ્યુ છે. અને યુવા વર્ગમાં જેનીબેન ઠુમ્મર જેવા શિક્ષીત ઉમેદવાર આવતા તેઓ પોતાના પ્રશ્નો સારી રીતે તેમની સાથે ચર્ચા કરી રહ્યા છે.

આ ગ્રામ્ય પ્રવાસ દરમ્યાન જેનીબેન ઠુમ્મરે ગ્રામ્ય પ્રશ્નો અને રાહુલ ગાંધી અને ઈન્ડીયા ગઠબંધનના સંયુકત એજન્ડાની ચર્ચાઓ કરી હતી જેમાં ગ્રામ્ય સ્તરે સારૂ શિક્ષણ અને મફત શિક્ષણ મળી રહે વ્યવસ્થાઓ,ખેડૂતોને એમ.એસ.પી.મુજબના ભાવો મળે,ગ્રામ્ય વિસ્તારમાં દવાખાનાની સારી સુવિધાઓ મળે,બહેનો પગભર થાય તે માટે સરકારી કેન્દ્રો અને એન.જી.ઓની.મદદ થી સ્વરોજગારીના કાર્યક્રમો ચલાવવા સહિતના મુદાઓની ચર્ચા કરી હતી.

આ તકે પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણીએ વર્તમાન કેન્દ્ર સરકારની નિતીરીતી સામે લોકોને જાગૃત કરી અને ખાતરના ભાવો,ખેડૂતોને કપાસના અને ડુંગળીના પાકમાં થયેલા અંગે ચર્ચા કરી હતી.

જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પ્રતાપ દુધાત દ્વારા કેન્દ્ર સરકાર દ્વારા ઈડી,સી.બી.આઈ.ના દુરઉપયોગ અંગે પ્રહારો કરી અને કોંગ્રેસની સરકાર આવશે તો વિવિધ કલ્યાણકારી યોજનાઓ અંગે માહિતી આપી હતી.આ તકે આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ નિકુંજભાઈ સાવલીયાએ ઈન્ડીયા ગઠબંધનની ચર્ચા કરી અને વર્તમાન સરકારાની અન્યાય કારીનિતીઓ અને કેજરીવાલ સરકારની મફત વિજળી,મફત શિક્ષણ સહિતના મુદાઓની ચર્ચા કરી હતી અને ઈન્ડીયા ગઠબંધનના અમરેલીના ઉમેદવાર જેનીબેન ઠુમ્મરના સમર્થન માટે મતદારોએ અપીલ કરી હતી.

આ તકે જેનીબેન ઠુમ્મરના પ્રવાસમાં કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી (ઈન્ડીયા ગઠબંધન)ના આગેવાનો વિશાળ સંખ્યામાં ઉપસ્થિત રહયા હતા. જેમાં પૂર્વ વિપક્ષ નેતા પરેશભાઈ ધાનાણી, જિલ્લા કોંગ્રેસ પ્રમુખ પૂર્વ જિલ્લા કોંગ્રેસ ડી કે રૈયાણી દુધાત,જિલ્લા આમ આદમીના પ્રમુખ નિકુંજભાઈ સાવલીયા, ધર્મેશભાઈ પાનસુરીયા, રવજીભાઈ પાનસુરીયા, સુખાભાઈ વાળા, ગોરધનભાઈ ઘેવરીયા, વિઠઠલભાઈ પટોળીયા, ભરતભાઈ વાળા, રાણીગભાઈ મંત્રી, રમેશભાઈ વસાણી, ગીરધરભાઈ સાંગાણી, ભોળાભાઈ,દેવજીભાઈ રાઠોડ, બીપીનભાઈ વેકરીયા,દેવજીભાઈ વેકરીયા, નાગજીભાઈ વેકરીયા, હરેશભાઈ વોરા, ભુપતભાઈ બુહા, લાલજીભાઈ મકાણી, વિપુલભાઈ રૈયાણી, નિલેશભાઈ દેવમુરારી, પ્રવિણભાઈ વઘાસીયા,કાંતિભાઈ રાખશીયા, ભનાભાઈ ટોળીયા, કનુભાઈ રાઠોડ, મનશુખભાઈ રાખસીયા, દિલીપભાઈ ચૌહાણ, સત્યમભાઈ, બાબુભાઈ હિરપરા, ઓઢાભાઈ સરપંચ, કાળુભાઈ ઉકાણી, સંજયભાઈ ઉકાણી, નરશીભાઈ કાનપરીયા, કાળુભાઈ હરખાણી,પ રવજીભાઈ પાઘડાળ, હકાભાઈ ગજેરા, હરેશભાઈ ઠોડવડીયા,ગોપાલભાઈ શિંગાળા, કિરણભાઈ પાઘડાળ, જયસુખભાઈ ઝવેરભાઈ ઠુમ્મર, છગનભાઈ હીરપરા, કાળા ભાઈ દેસાઈ, મગનભાઈ લિંબાસિયા, ભરતભાઈ હીરપરા લાખાભાઈ પદમાણી વિનુભાઈ રાદડિયા ઉકાભાઈ પદમાણી, છગનભાઈ પાનસેરીયા જગદીશભાઈ નસીબ જે કે પાંચાણી ચંદુભાઈ પાનસેરીયા સહિત વિશાળ સંખ્યામાં બહેનો અને મહિલાઓની વિશાળ સંખ્યામાં હાજરી આગેવાનો કાર્યકરો અને લોકો આ પ્રવાસમાં જોડાયા હતા.

# અમરેલીના ગામોમાં આજે કોંગ્રેસની બેઠકો મળશે

**વાંકીયા, સરભંડા, મોટા માંડવડા, જાળીયા, ગાવડકા, વડેરા, મોટા આંકડીયા, પીપળલગ, વરૂડી, ચિતલ, જસવંતગઢ, મોણપુરમાં આજે લોકસંપર્ક અને બેઠકો**

અમરેલી,કોંગ્રેસ અને આપ ગઠબંધનની અમરેલીસંસદીયવિસ્તારમાંઠેરઠેરબેઠકો સાથેલોકસંપર્કનોધમધમાટશરૂછે. આજે તા.૪ને ગુરૂવારે કોંગ્રેસના ઉમેદવાર શ્રી જેનીબેન ઠુંમરના નકકી થયેલા કાર્યક્રમ મુજબ સવારે ૮ કલાકે વાંકીયા, ૯ કલાકે સરંભડા, ૧૦ કલાકે મોટા માંડવડા, ૧૧ કલાકેજાળીયા, ૩વાગ્યેગાવડકા, ૪વાગ્યે વડેરા, ૫ વાગ્યે મોટા આંકડીયા, ૬ વાગ્યે પીપળલગ, ૭ વાગ્યે વરૂડી રાત્રે ૮ વાગ્યે ચિતલ જસવંતગઢ, મોણપુરમાં કોંગ્રેસની બેઠક મળશે. કોંગ્રેસના ઉમેદવાર જેનીબેન ઠુંમર સાથે આગેવાનો ઉપસ્થિત રહી બેઠકને સંબોધન કરશે તેમ કોંગ્રેસના સુત્રોમાંથી જણાવાયું છે.

# અમરેલી સીટીનાં ઘરફોડ ચોરીનાં ગુનામાં ૨૩ વર્ષથી નાસતા ફરતા લીસ્ટેડ આરોપીને પકડી પાડ્યો

**અમરેલી એલસીબી ટીમે ટેકનીકલ સોર્સ આધારે ઝડપી લઇ સીટી પોલીસને સોંપ્યો**

અમરેલી,

અમરેલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહએ આ ખાસ ડ્રાઈવ દરમિયાન અમરેલી જિલ્લામાં ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન હોય, જે અન્વયે અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. શ્રી એ.એમ.પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે અમરેલી સીટી પો.સ્ટે. ફ. ગુ.ર.નં. ૧૫૪/૨૦૦૦, આઈ.પી.સી. કલમ ૪૫૭, ૩૮૦ મુજબના ગુનાનો આરોપી છેલ્લા ૨૩ વર્ષથી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હોય, લીસ્ટેડ આરોપી પુનાભાઈ ભાકા ઉર્ફે ભાકુભાઈ વાઘેલા, ઉ.વ.૪૬, રહે.પાલીતાણા, શકિતનગર, તા.પાલીતાણા, જિ.ભાવનગરને ચોકકસ બાતમી હકિકત તેમજ ટેકનીકલ સોર્સ આધારે પકડી પાડી, આગળની થવા અમરેલી સીટી પો.સ્ટે. માં સોંપી આપવામાં આવેલ છે.

## નંદેસરી વિસ્તારમાં હાઇડ્રોફ્લોરિક એસિડ ટેન્કરમાંથી લીક થયું

# મહેસાણા નજીક વડનગરનાં ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લીધો

**અમરેલી એલસીબીની ટીમે ફરાર આરોપીને પકડી પાડ્યો**

અમરેલી,અમરલી પોલીસ અધિક્ષકશ્રી હિમકર સિંહ એ આ ખાસ ડ્રાઈવ દરમિયાન અમરેલી જિલ્લા તથા બહારના જિલ્લાઓમા ગુનાઓ આચરી, પોતાની કાયદેસરની ધરપકડ ટાળવા માટે નાસતા ફરતા આરોપીઓ તથા જેલમાંથી ફરાર થયેલ કેદીઓને પકડી પાડી, કાયદેસરની કાર્યવાહી કરવા અમરેલી જિલ્લા પોલીસને માર્ગદર્શન આપેલ હોય, અમરેલી એલ.સી.બી. ઈન્સ. શ્રી એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમે મહેસાણા જિલ્લાના વડનગર પો. સ્ટે. ગુ.ર.નં.૧૧૨૦૬૦૭૩ ૨૩૦૨૦૩/ ૨૦૨૩, આઈ.પી.સી. કલમ ૪૧૯, ૪૨૦, ૧૨૦બી તથા કોન્ટ્રાકટ સંરક્ષણ અધિનિયમની કલમ ૨૩(૧)(સી), ૨૩(૧)(એચ) તથા ૬૮૮૧ અધિનિયમની કલમ ૧૫એ, ૧૫બી, ૧૫એફ, ૧૫એચ મુજબના ગુનામાં સંડોવાયેલ આરોપી પોતાની ધરપકડ ટાળવા નાસતો ફરતો હોય, લીસ્ટેડ આરોપી મુકેશ અશોકભાઈ કિહલા, ઉ.વ.૨૪, રહે.વાવડી, તા.ગઢડા, જિ.બોટાદ. ને ચોકકસ બાતમી હકિકત ટેકનીકલ સોર્સ આધારે પકડી પાડવામાં આવેલ છે.

# ઇલેટ્રોનિક મીડીયામાં ડંકો વગાડનાર ફારૂક કાદરીનો આજે જન્મદિવસ

**સાપ્તાહિક થી કારકિર્દી આરંભ કરી દેશની નંબર ૧ આજતક ના રિપોર્ટર તરીકે બિરાજેલા ફારૂક કાદરી પર વર્ષા**



સાવરકુંડલા, સાપ્તાહિક અખબારથી પત્રકારત્વક્ષેત્રે કારકિર્દીનો શુભારંભ કરી ઈલેકટ્રોનિક મીડિયામાં સેવા આપતા ફારૂક કાદરી ૩૬ વર્ષ પૂર્ણ કરી ૩૭ માં વર્ષમાં પ્રવેશતા શુભેચ્છકો દ્વારા અભિનંદનની વર્ષા થઈ રહી છે છેલ્લા ૧૮ વર્ષથી અમરેલી જિલ્લાનાં પ્રાણપ્રશ્નોને વાચા આપીને પત્રકારત્વ ક્ષેત્રે હરણફાળ ભરેલા ફારૂક કાદરી સાવરકુંડલા ની આર્ટસ એન્ડ કોમર્સ ગ્રેજ્યુએશન સુધી અભ્યાસ કરીને નિષ્ઠાવાન પત્રકાર યાકુબભાઈ રસભર્યાંથી પ્રેરણા લઈને સાપ્તાહિક અખબારથી નીડર પત્રકારત્વ કરવા કારકિર્દીનો આરંભ કરીને રાજ્યના નામાંકીત અખબારોમાં રીપોટીંગ કરી ચૂકેલા ફારુક કાદરી હાલ દેશભરમાં લોકપ્રીય બી.બી.સી.ન્યુઝ અને PTI સાથે ગુજરાત રાજયમાં ઈલેકટ્રોનિક મીડિયામાં અભિગમથી અવ્વલના નિર્ધાર સાથે આરંભ થયેલી ન્યુઝ ચેનલ ગુજરાત ફર્સ્ટ માં અમરેલી રિપોર્ટર તરીકે સેવા આપતા ફારૂક કાદરીએ હવે ન્યુઝ ચેનલ આજતક માં રિપોર્ટર તરીકે કામગીરીઓ કરી રહ્યા છે ગામડાઓની વ્યથા હોય કે જિલ્લાની સમસ્યા પણ કેમરા અને કલમ થકી દરેક મોરચે સફળ સાબિત થયેલા ફારૂક કાદરી સાવરકુંડલા સુન્ની મુસ્લિમ સમાજના પ્રમુખ પદે સેવા આપી ચૂકયા છે ફારુક કાદરી ના જન્મદિવસનાં પર રાજકીય, સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ અને વિશાલ મિત્ર વર્તુળ દ્વારા મો.૯૮૭૯૫ ૬૦૧ ૬૦૫૨ શુભેચ્છાઓ પાઠવી રહયા છે.


MUTUAL FUND SIP
ટીપે ટીપે સરોવર, કાંકરે કાંકરે પાળ..
SIP એ SIP એ ધનનાં ઢગલે ઢગલા..
આજે જ... અત્યારે જ શરૂ કરો
સંપર્ક : દ્વારકાદાસ લલાડીયા
નોલેજ આધારિત ઉમદા સર્વિસ
સમૃધ્ધિ સેતુ ઇન્વેસ્ટમેન્ટ-ઇન્સ્યુરન્સ સર્વિસ
ઓફીસ - ૧૭, બીજે માળે, સીટી મોલ, રાજકમલ ચોક, અમરેલી
ફોન : (૦૨૭૯૨) ૨૨૪૦૪૦ મો.૯૩૨૮૬ ૧૨૦૦૦ / ૯૯૨૫૬ ૨૮૨૭૪

મકાન વેચવાનું છે
અમરેલીમાં ચક્કરગઢ રોડ, પટેલ સંકુલ સામે રો હાઉસ ટાઈપ અતી મોકાનું મકાન ટાઈટલ કલીયર સાથે મકાન વેચવાનું છે
સંપર્ક મો.૯૪૨૭૯ ૭૪૭૫૮

લાઠી રોડની નજીક ૧ વસાનો પ્લોટ અથવા 1 BHK મકાન
માત્ર ૯.૯૯
લાભમ્ : મો. ૯૬૬૪૬ ૩૬૭૧૧

93283 20662 સરકાર માન્ય ISI
ગજાનંદ વજન કાંટા
સબસીડી વાળા અહિં મળશે.
ONLY... RS. 5500/-
આ ઓફર તા.૨૦-૪-૨૪ સુધી જ
જુના માર્કેટીંગયાર્ડ અંદર, કોંગ્રેસ કાર્યાલય સામે, પહેલા માળે, અમરેલી

જમીન વેચવાની છે
બિઝનેશ થાય તેવી ખેતીની જમીન ચિતલ રેલ્વે સ્ટેશને વેચવાની છે
સંપર્ક મો.૮૮૪૯૭ ૯૭૮૮૩

લોન..લોન..લોન..
ખેડુતોને ખેતીની જમીન પર ૧ હેક્ટર ૧૦ લાખની લોન
ગામડાના મકાન પર લોન
અમરેલી જીલ્લાના દરેક તાલુકામાં સબસીડી વાળી લોન
મોર્ગેજ, હોમલોન, તેમજ મહિલાને લોન મળશે
ઓલ ગુજરાતમાં લોન કરી આપીશું.
દરેક શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં લોન એજન્ટ નિમવાના છે.
સંપર્ક : મો.૬૩૫૩૪ ૪૧૦૯૫

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ
ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

J M Pest Control Service
ઉધઈ નિયંત્રણ
આપના ઓફિસ મકાન ટેનામેન્ટમાં ઉધઈ ની ટ્રીટમેન્ટ એકવાર જરૂર કરાવો.
ઉધઈ ન થવાની પુરા ૧૦ વર્ષની લેખીત ગેરંટી
વિજયભાઈ : ૯૫૩૭૦ ૪૨૩૦૮ ૮૨૦૦૯ ૦૯૨૯૨

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

જગ્યા ભાડેથી આપવાની છે
સત અમર હોટલવાળી જગ્યા ભાડેથી આપવાની છે
લાલાવાવ હનુમાન આગળ, સાવન સીમેન્ટની બાજુમાં, સોનાલીકા ટ્રેક્ટર્સની સામે, ભાવનગર રોડ અમરેલી.
સંપર્ક : મો.૭૬૦૦૨ ૩૬૬૬૯,૯૯૨૫૨ ૧૧૬૬૯

## ગુજરાતની વિકાસ યાત્રાને માઇલ સ્ટોન મુકામ ઉપર પહોંચાડવામાં પાટીદાર સમાજનો બહુમુલ્ય ફાળો છે : શ્રી પરશોત્તમ રૂપાલા

# શ્રી રૂપાલાની ઉપસ્થિતિમાં કડવા પાટીદાર સમાજ મહાસંમેલન

### રાજકોટ ખાતે અયોધ્યા ધામમાં સૌરાષ્ટ્ર કડવા પાટીદાર ભવન બનાવવાનાં શુભ સંકલ્પ સાથે આયોજન : કડવા પાટીદાર સમાજ મહાસંમેલનમાં શ્રી રૂપાલાની ઉપસ્થિતિ

### રાજકોટમાં શ્રી આર. સી. ફળદુનાં નિવાસ સ્થાને મિત્રો અને પરિવાર સાથે વાળુ કરતા શ્રી પરશોત્તમ રૂપાલા : બ્રહ્મ કર્મયોગીને પરશુરામ એવોર્ડ ૨૦૨૪ અર્પણ કરતા શ્રી રૂપાલા













અમરેલી,

રાજકોટ લોકસભા બેઠકનાં ભાજપનાં ઉમેદવાર અને ભાજપનાં વરિષ્ઠ આગેવાન શ્રી પરશોત્તમ રૂપાલાનાં રાજકોટમાં અવિરત કાર્યક્રમો શરૂ છે. તેમણે સ્નેહીઓ, વિવિધ સંસ્થાઓ સહિતનાં કાર્યક્રમોમાં ઉપસ્થિત રહી રાજકોટમાં યોજાયેલ સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજનાં મહાસંમેલનને સંબોધ્યુ હતું.

શ્રી રૂપાલાએ ગુજરાતની વિકાસ યાત્રાને માઈલસ્ટોન મુકામ પર પહોંચાડવામાં ગુજરાતના પાટીદાર સમાજનો બહુમૂલ્ય ફાળો છે. પાટીદાર સમાજના વિકાસલક્ષી આયામોને વેગવંતા બનાવવા માટે અને વિશેષ અયોધ્યા ધામ ખાતે સૌરાષ્ટ્ર કડવા પાટીદાર ભવન બનાવવાના શુભ સંકલ્પ સાથે રાજકોટ ખાતે આયોજિત કડવા પાટીદાર સમાજ મહા સંમેલનમાં ઉપસ્થિત રહેવાનો અવસર મળ્યો છે બદલ પ્રસન્નતા વ્યક્ત કરી હતી તથા રાજકોટ ખાતે પૂર્વ મંત્રીશ્રી અને સ્નેહીમિત્ર શ્રી આર. સી. ફળદુનાં નિવાસસ્થાને પરિવારની શુભેચ્છા મુલાકાત લઈને મિત્રો અને પરિવારજનો સાથે સ્વાદિષ્ટ વાળુ કર્યું હતું.

શ્રી પરશોતમ રૂપાલાએ પરશુરામ યુવાન સંસ્થા દ્વારા બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, રાજકોટ ખાતે આયોજિત પરશુરામ એવોર્ડ ૨૦૨૪ અર્પણ સમારોહમાં ઉપસ્થિત રહીને બ્રહ્મ-કર્મયોગીઓને એવોર્ડ એનાયત કરી અભિનંદન સહ શુભેચ્છાઓ પાઠવી હતી.

## ૮ એપ્રિલે ૪ કલાક ૨૫ મિટીટનું સુર્ય ગ્રહણ : દિવસભર અંધકાર છવાયેલો રહેશે

(જી.એન.એસ), નવીદિલ્હી, વર્ષનું પ્રથમ ચંદ્રગ્રહણ હોળીના દિવસે થયું હતું. આ પછી, વર્ષ ૨૦૨૪નું પહેલું સૂર્યગ્રહણ ૮ એપ્રિલ, ૨૦૨૪, સોમવારના રોજ થવાનું છે. ધર્મ અને જ્યોતિષમાં સૂર્યગ્રહણને લગતી ઘણી માન્યતાઓ છે, પરંતુ વિજ્ઞાનમાં તેને ખગોળીય ઘટના કહેવામાં આવે છે જેના વિશે લોકો હંમેશા ઉત્સાહિત રહે છે. વર્ષનું પહેલું સૂર્યગ્રહણ ઘણી રીતે ખાસ રહેવાનું છે. જ્યોતિષશાસ્ત્ર અનુસાર, આ સૂર્યગ્રહણ કુલ ૪ કલાક અને ૨૫ મિનિટ સુધી ચાલશે, જે ૫૦ વર્ષમાં સૌથી લાંબો સમયગાળો હશે. આ ગ્રહણ સંપૂર્ણ સૂર્યગ્રહણ હશે. જો કે આ સૂર્યગ્રહણ ભારતમાં દેખાશે નહીં, પરંતુ અમેરિકામાં સ્પષ્ટપણે જોઈ શકાશે. આ સૂર્યગ્રહણ માટે અમેરિકામાં પણ ખાસ તૈયારીઓ કરવામાં આવી રહી છે.

## સાવરકુંડલા નાગરિક બેન્કે ૫૧.૫ લાખનો નફો કર્યો

### ફિક્સ ડિપોઝીટમાં વ્યાજનો વધારો કરતા વિક્રમજનક નફો થયો

સાવરકુંડલા,

સને ૧૯૫૬ થી ૨૦૨૪ સુધી ૬૮ વર્ષથી ગ્રાહકોને અવિરત સેવા આપતી બેંક વર્ષ ૨૦૨૩ ૨૪ માં સાવરકુંડલાના વેપારી તથા નગરજનોની સુવિધા માટે લોનના વ્યાજ દરમાં ઘટાડો કરી ફિક્સ ડિપોઝિટના વ્યાજ દરમાં વધારો કરી અને ગ્રાહકોની સગવડતા વધાર્યા બાદ ૨૦૨૩ ૨૪માં આ બેંકે રૂપિયા ૫૧.૫ લાખનો પોઈન્ટ ૩૫ લાખનો વિક્રમ ગ્રોસ નફો થયેલ છે બેંકના અવિરત વિકાસમાં સભાસદો માર્ગદર્શકો શહેર તથા તાલુકાની જનતાના સહકારથી તથા બેંકના હાલ સમા મેનેજર તથા કર્મચારી ગણની અવિરત મહેનતથી આવો વિક્રમ નફો થયેલ તે બદલ આ બેન્કના ચેરમેન પ્રવીણભાઈ સાવજ ચેરમેન ભરતભાઈ માનસેતા અને એમડી પરાગભાઈ ત્રિવેદી તથા બોર્ડ ઓફ ડિરેક્ટર્સ એ તમામનો આભાર માન્યો હતો.

## સુરતનાં પાંડેસરા વિસ્તારમાં વલસાડથી લાવવામાં આવેલો ૨૩૦ કિલો પનીરનો જથ્થો ખાવા લાયક ન હતો


આ તહેવારોના શુભ અવસરે
આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust



| HF Deluxe Motorcycle | Super Splendor Xtec | Destini125 (Not Prime) | Xoom & Pleasure |
|---|---|---|---|
| કેશ બોનસ ₹2100 | કેશ બોનસ ₹2100 | કેશ બોનસ ₹2100 | એક્સચેન્જ બોનસ ₹3000 |

Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz



સંકુલ ગર્લ્સ સ્કૂલ - ગર્લ્સ કોલેજ - ગર્લ્સ હોસ્ટેલ પ્રવેશ
KG થી PG સુધીનું નિવાસી ગર્લ્સ કેમ્પસ - Since 1997

★ અધ્યતન સ્કૂલ–કોલેજ–હોસ્ટેલ–મેસ–લેબ–લાઈબ્રેરી–ઓડીટોરીયમ–વાંચનાલય
★ ડેઈલી હોમવર્ક ટેસ્ટ – કોર્સ પૂર્ણ થયે ડેઈલી રીપીટેડલી પરિક્ષા – ત્રિછન પરિક્ષા
★ ઈ લર્નિંગ – ઈ લાઈબ્રેરી – ઈ લેંગ્વેઝ લેબ – ડેમોલેબ – સેમીનાર – DG-RG-IG
★ ખેલકૂદ – સાહિત્ય કલા – ગીત સંગીત – સાંસ્કૃતિક & 31st ની સ્પર્ધાઓ
★ NCC-NSS – સ્પોર્ટસ – સ્વીમીંગ – ડેઈલી રીડીંગ બેલ – સન્ડે મુવી & ગરબા

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)
સ્થળઃ– શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(લેઉવા પટેલ), ચક્કરગઢ રોડ- Ad 002



વોટર પ્રુફીગ (લેખીત વોરંટી સાથે)
(ફકત ઈમ્પોર્ટેડ વોટર પ્રુફીગ મટીરીયલ વડે)

• ધાબા :- ચાઈના મોઝેક વાળા, ટાઈલ્સ વાળા, કોંક્રીટવાળા
• પતરા :- કોઈપણ જાતના પતરાનું લીકેજ
સંક સ્લેબ પાણીની ટાંકી, બેઝમેન્ટ, ટેરેસ ગાર્ડન વગેરેનું વોટર પ્રુફીગ કરી આપીશું.

નવા બંગલાઓમાં પહેલેથી વોટર પ્રુફીગ કરાવવા અચુક સંપર્ક કરો.

ડીઝાઈન એન્જીનીયરીગ અને વોટરપ્રુફીગ કન્સલટન્સી
(સુરેન્દ્રનગરવાળા - અમારી બીજી કોઈ શાખા નથી)
કોન્ટેક્ટ નંબર :– 7567191919, 9898325787








શુભ મંગલ ને વધાવે,
"મધુવન" હર નારી ને દીપાવે

02792 - 222208 94264 23006
madhuvan gold art madhuvangold.in



નાયબ કલેક્ટર અને સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ લાઠી

જન્મ/મરણ પરચુરણ અરજી નં.૩૨/૨૦૨૪................તા.૧૧-૩-૨૦૨૪
વિવાદી :- શ્રી હસમુખભાઈ વેલજીભાઈ લુણાગરીયા રહે. ફુલજર, તા.બાબરા
વિરૂધ્ધ પ્રતિવિવાદી :- તલાટીકમ મંત્રી ફુલજર ગ્રામ પંચાયત, તા.બાબરા
અરજદારના વિ.વ.શ્રી આર.આર.સાગઠીયા

જાહેર નોટીસ
(જન્મનાં દાખલા માટે)

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના બાબરા તાલુકાના મોજે ફુલજર ગામના રહીશ આ કામના અરજદારશ્રીના બહેન વિજયાબેન વેલજીભાઈ લુણાગરીયાનો જન્મ તા.૧૭-૦૩-૧૯૬૮ ના રોજ મોજે ફુલજર, તા.બાબરા મુકામે જન્મ થયેલ હોય જે તે સમયે તેમના જન્મની નોંધ કરાવેલ ન હોય નોંધ કરાવવાની રહી ગયેલ હોય જેથી જન્મની નોંધ કરાવવાના કામે અત્રેની કોર્ટમાં તા.૨૧-૧૨-૨૩ થી અરજી કરેલ છે તો આ કામના સામાવાળાએ જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તો તેમણે જાતે અગર તો તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમા મુદત તા.૧૫-૦૪-૨૦૨૪ ના રોજ બપોરનાં ૧૫-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે

સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ
લાઠી



... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC

સોનપાલ ઓટો એડવાઈઝર્સ
RTO એડવાઈઝર્સ
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...

| વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીગ | નંબર પ્લેટ + PUC |
|---|---|
| ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦ | પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫ |



પાંજરાપોળ ગૌશાળા અમરેલી





-:: જોઇએ છે ::-

- ગૌશાળામાં રહી શકે તેવા મેનેજરની જરૂર છે અનુભવીની પ્રથમ પસંદગી.
- ગૌશાળામાં આવતો લીલો અને સુકો ઘાસચારો મશીન ઉપર કટીંગ કરી શકે તેવા જોડી અથવા બે વ્યક્તિની જરૂર છે (રહેવાની સગવડતા આપવામાં આવશે)
- ગૌશાળાનું ચોખ્ખુ દુધ ઘરબેઠા મળી શકશે.

ઓફીસ : જીવદયા ભવન, જુની બજાર, સંભવનાથજી જૈન દેરાસર પાસે, પાણી દરવાજા રોડ, અમરેલી ફોન : (ઓફીસ) ૨૨૨૮૧૧ મો.૭૯૮૪૫ ૩૪૫૨૨

| દિલીપભાઇ પરીખ | વસંતભાઇ પોકળ | મુકુંદભાઇ ગઢીયા |
|---|---|---|
| ૯૮૨૫૫ ૪૯૧૧૭ | ૯૪૨૬૪ ૭૧૪૭૨ | ૯૩૨૮૬ ૧૨૦૬૪ |



આપના વાહનમાં કાર્બન કલીનીંગ કરાવો અને વાહનનું આયુષ્ય વધારો...

વિકસીત દેશોમાં પ્રચલીત અને ભારતમાં ધુમ મચાવતી આ ટેકનોલોજી હવે આપણા અમરેલી શહેરમાં ઉપલબ્ધ. હાઇડ્રોઓક્સી ગેસની મદદથી સરળ અને સલામત રીતે એન્જીનમાં જમા થયેલ કાર્બનની જડમુળથી સફાઇ

કાર્બન કલીનીંગથી થતા ફાયદાઓ
- પીક - અપ વધે છે.
- એવરેજ વધે છે.
- ધુમાડો (પોલ્યુશન) ઘટે છે.
- વાયબ્રેશન, લોકીંગ ઘટે છે.
- એન્જીન ઓઇલનો વપરાશ ઘટે છે.
- એન્જીનનાં ખર્ચાળ રીપેરીંગ ઘટે છે.
- એન્જીનનો અવાજ ઘટે છે.
- એન્જીનની તાકાત વધે છે.
- એન્જીનની કાર્યદક્ષતા વધે છે.
- એન્જીનનું આયુષ્ય વધે છે.



એન્જીનનું કાર્બન કલીનીંગ થયા પછી ડ્રાઇવીંગ કરવામાં એક અનેરો અહેસાસ મહેસુસ થાય છે.

અદ્યતન ટેકનોલોજીથી માત્ર એન્જીનનું




કાર્બન કલીનીંગ
મેળવો નવા એન્જીન જેવું પરફોર્મન્સ તે પણ એન્જીન ખોલ્યા વિના.

વધુ વિગત માટે આજે જ સંપર્ક કરો
ગુલઝાર કાર ટાયર કેર
અયુબભાઇ ટાંક મો.૯૮૨૪૪ ૫૮૫૩૦
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, જી.ઇ.બી.ગલી કોર્નર, અમરેલી





LG BEST SHOP
Life's Good.



EXCLUSIVE Offers
DIRECT COOL Refrigerator
3 YEAR WARRANTY
Upto 10% CASHBACK
T&C Apply

મુકુંદરાય એન્ડ બ્રધર્સ
કારકેર સેન્ટર સામે, ચકરગઢ રોડ, અમરેલી. મો.9974772377

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૦૪-૦૪-૨૦૨૪ ગુરૂવાર

# આ વખતના ઉનાળાને તમે જો હળવાશથી લેશો તો ખરેખર દાઝી જશો ને શય્યામાંથી ઊભા નહિ થાઓ

સૌરાષ્ટ્રમાં હવે વૃક્ષ ઉછેર સારી રીતે થાય છે એટલે ભવિષ્યમાં ઉષ્ણતામાન કંઈક ઘટશે પરંતુ અત્યારે તો ગરમી સહન કરવી પડશે. હાલ વહેલી સવારે જો કોઈ લઈને હાઈવે પર જાય તો કાતિલ શિયાળાનો અનુભવ થાય અને દિવસે ખતરનાક ગરમી શરૂ થઈ છે. મોસમ હજુ બેવડી છે અને એને કારણે નાગરિક આરોગ્ય ઠેબે ચડી રહ્યું છે. પાણીની બૂમો થોડા દિવસમાં વધશે.

બળબળતો ઉનાળો શરૂ થયો છે, અને વાતાવરણમાં ગરમીનો પ્રકોપ ઉનાળાના પ્રારંભથી જ શરૂ થઈ ગયો આ તુપરિવર્તનની સાથે સાથે રાજકોટ સહિત રાજ્યમાં રોગચાળો પણ ઝડપભેર વધી રહ્યો છે, દવાખાના, હોસ્પિટલો, આરોગ્ય કેન્દ્રો અને કેમિસ્ટોને ત્યાં દર્દીઓ ઉભરાઈ રહ્યા છે, અને લેબોરેટરીઝમાં રિપોર્ટ કરાવનારા દર્દીઓની પણ લાઈનો લાગી રહી છે. આ કુદરતી ગરમીમાં ચૂંટણીની કૃત્રિમ ગરમીનો પણ સંયોગ થતા માહોલ ગરમાઈ રહ્યો છે.

રાજ્યમાં હોળી શરદી-ઉધરસ-તાવ-કળતર સાથે વાયરલ બીમારી વધી રહી હતી અને હોળી પછી ઝાડા-ઉલટીના કેસોનો તેમાં ઉમેરો થયો હતો હવે અમદાવાદ સહિત રાજ્યના કેટલાક સ્થળે સ્વાઈનફ્લૂના કેસો ઝડપભેર વધી રહ્યા છે, તો કોરોનાના નવા કેસો પણ નોંધાવા લાગ્યા છે, તેથી સ્વાઈનફ્લૂના લક્ષણો તથા દર્દીને થતી તકલીફો વર્ણવીને તેનાથી સાવધ રહેવાની ચેતવણીઓ પણ દ્વારા અપાઈ રહી છે,અને આ પ્રકારના લક્ષણો જણાય તો તત્કાળ જરૂરી સારવાર લેવાની કાળજી રાખવા અંગે માર્ગદર્શન પણ અપાઈ રહ્યું છે. ખાસ કરીને બીમાર વ્યક્તિને બહાર નહીં નીકળવા અને માસ્ક તથા વારંવાર હાથ ધોવાની સલાહ પણ અપાઈ રહી છે.

મીડિયા અહેવાલો મુજબ ગઈકાલથી કેટલીક દવાઓના ભાવોમાં ૧૨ ટકાનો વધારો છે. એક તરફ બીમારીના ઘેર-ઘેર ખાટલા હોય અને ગરીબ-મધ્યમવર્ગના પરિવારો માંડ માંડ સારવાર કરાવી શકતા હોય અને તેમાં દવાઓના ભાવોમાં વધારો થાય તો પડ્યા પર પાટુ પડ્યા જેવું જ ગણાયને ? આ પ્રકારની સમસ્યાઓ તરફ અત્યારે રાજનેતાઓનું ધ્યાન જવાનું નથી, કારણ કે નેતાઓ ચૂંટણી પ્રચારમાં મસ્ત છે, અને મોટા તંત્રો પણ ચૂંટણી પ્રક્રિયાની તૈયારીઓમાં વ્યસ્ત છે. આ કારણે અત્યારે બીમારીના ભરડા વચ્ચે પીસાતી જનતા ત્રસ્ત છે.

જો કે, એપ્રિલમાં વાતાવરણ સામાન્ય રહેશે અને છેલ્લા અઠવાડિયામાં ગરમી વધુ વધશે, તેવી આગાહી થઈ છે, પરંતુ ચૂંટણીનો ઝંઝાવાતી પ્રચાર અને તેની જનજીવન પર થતી અસરોના કારણે એપ્રિલ મહિનો 'ગરમાગરમ' જ રહેશે, નક્કી છે.

રાજ્ય અને દેશમાં હજુ પણ અનેક એવા સ્થળો હશે, જ્યાં સામાન્ય દિવસોમાં પણ પીવાનું સ્વચ્છ પાણી મળવું દુર્લભ હશે અથવા ઓછું મળતું હશે, અને તેમાં આ બળબળતા ઉનાળામાં પીવાના પાણીની વૈકલ્પિક વ્યવસ્થાઓ જાળવી રાખવાનું કામ તંત્રો માટે પણ પડકારરૂપ બનવાનું છે. કારણ કે ચૂંટણી તથા તેને સંલગ્ન રોકાયેલા મહત્તમ સ્ટાફના કારણે અન્ય કામકાજ પર તેની અસરો પડતી જ હોય છે, જો કે, આવશ્યક સેવાઓના સ્ટાફને મોટાભાગે ચૂંટણીની કામગીરીમાં રોકવામાં આવતો હોતો નથી, પરંતુ નિર્ણાયક અને સંચાલનની જવાબદારી ધરાવતા ઉચ્ચ અધિકારીઓ ચૂંટણીની પ્રક્રિયામાં વ્યસ્ત હોય છે. જો કે, આ લોકતંત્રના મહાપર્વનું મહત્ત્વ જોતા થોડી ઘણી તકલીફ તો દિવસો માટે ચલાવી લેવી જોઈએ, ખરું ને?

જો કે, રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં આગામી ચોમાસાના પ્રારંભ સુધી પીવાનું પાણી મળતું રહે અને જરૂર પડ્યે નર્મદાના નીર આ હેતુ માટે વધુ ઉપલબ્ધ કરાવી શકાય, તેવી વ્યવસ્થાઓ તથા આગોતરા આયોજનો તંત્રોએ કરી રાખ્યા હોવાના દાવાઓ થયા છે, પરંતુ જોઈએ, આગામી દિવસોમાં દાવાઓ કેટલા સાચા પડે છે તે....!

શહેરોમાં પણ ધગધગતી ગરમી અને મચ્છરોનો ત્રાસ વધી જતાં રોગચાળો વધુ વકરવાની સંભાવના છે, જેથી મનપાના તંત્રે રિક્ષા દ્વારા ફોગીંગ શરૂ કરવું પડે એમ છે. લોકોને ખુલ્લા વાસણોમાં પાણી ભરી રાખવા કે ટાંકીઓ ખુલ્લી રાખવાનું ટાળવા સલાહ અપાઈ રહી છે. જો કે, માત્ર ફોગીંગ કરીને બેસી રહેવાથી ચાલે તેમ નથી અને મચ્છરો મારવાની સાથે સાથે મચ્છરો ઉત્પન્ન થતા જ અટકાવવા સહિયારા, સક્રિય અને સાચુકલા પ્રયાસો કરવા જરૂરી છે, ખરૂ કે નહીં ?

આઈએમડી એટલે કે ભારતીય હવામાન વિભાગે ગુજરાત સહિત અડધોડઝન જેટલા રાજ્યોમાં આ વર્ષે એપ્રિલથી જૂન દરમિયાન સામાન્ય કરતા વધુ ગરમી અને લૂ નો પ્રકોપ રહેશે, તેવી જે આગાહી કરી છે, તેની સામે આગોતરી સાવચેતી અત્યંત જરૂરી છે, તેમ નથી લાગતું ?

## અમરેલી જિલ્લામાં આર્થિક સંકડામણને કારણે બે અપમૃત્યુના બનાવો

# રાજુલાના છાપરીમાં પ્રૌઢનું અને અમરેલીમાં યુવાનનું ગળાફાંસો ખાઇ જતા મોત નિપજયા

### મોતના બન્ને બનાવો અંગે અલગ અલગ ડુંગર અને અમરેલી સિટી પોલીસ મથકમાં જાહેર કરાયું

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં આર્થિક સંક્રામણના કારણે બે મૃત્યુના બનાવો પોલીસમાં જાહેર થયેલ જેમાં રાજુલાના છાપરીમાં પ્રૌઢનું અને અમરેલીમાં યુવાનનું ગળાફાંસો ખાઈ જતાં મોત નિપજયું હતું.

આ અંગે પોલીસ સુત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર રાજુલા તાલુકાના છાપરી ગામે રહેતા વાઘાભાઈ હમીરભાઈ ધણગણ ઉ.વ.૪૦ના લગ્ન થયેલ નહોય. ઘણા વર્ષોથી તેમના માતુશ્રી સાથે રહેતા હોય અને છેલ્લા ૧૦ વર્ષથી માતા બિમાર હોય જેથી તેમની સેવાચાકરી કરતા કોઈ કામ ધંધો કરવા જઈ ન શકતા આર્થિક ભીસના કારણે પોતે પાતાની મેળે ઠેલના લાકડા સાથે દોરડુ બાંધી ગળાફાંસો ખાઈ જતાં મોત નિપજયાનું બાલુ હમીરભાઈ ધણગણે ડુંગર પોલીસ મથકમાં જાહેર કરેલ છે. જયારે બીજા બનાવમાં અમરેલી ગજેરાપરામાં રહેતા રત્નકલાકાર જયેશભાઈ ભનુભાઈ થળેસા ઉ.વ.૩૬ હિરા ઘસવાનું કામ કરતો હોય. અને તેનાથી કામ થતું નહોય જેથી આર્થિક સંક્રામણના કારણે પોતાને મનમાં લાગી આવતા પોતાના ઘરે પંખા સાથે લટકી ગળાફાંસો ખાઈ જતાં મોત નિપજયાનું ઘનશ્યામભાઈ બાબુભાઈએ અમરેલી સીટી પોલસી મથકમાં જાહેર કરેલ છે.

# અમરેલીના નાના ભંડારીયા નજીક ગેરકાયદેસર પશુઓની હેરાફેરી કરતા વાહન સાથે એક ઝડપાયો

### પોલીસે ત્રણ ભેસ અને વાહન મળી રૂા.૨,૬૦,૦૦૦નો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી તાલુકાના નાના ભંડારીયા નજીક જસદણ તાલુકાના પાંચવડા ગામના પરેશ સામતભાઈ મનોદરીયા પોતાની બોલેરોમાં પાસ પરમીટ વગર ગેરકાયદેસર રીતે ઘાસ ચારા કે પાણીની સગવડ ન કરી ત્રણ ભેસ ખીચ્ચો ખીચ ભરી કતલ કરવાના ઈરાદે કોઈ આધાર પુરાવા વગર નિકળતા પશુઓની હેરાફેરી કરતાં પો. કોન્સ. સુરેશભાઈ ધાધલે ભેસો અને વાહન મળી રૂા. ૨,૬૦,૦૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.

# શાપર વેરાવળ પોલીસે એક માસમાં ૧૪ ગુમ થયેલ વ્યકિતઓને શોધી કાઢયા

જુનાગઢ,(હિતેષ પારેખ)શાપર વેરાવળ પોલીસ મથકમાં પીએસઆઈ આર.કે. ગોહિલ અને સ્ટાફે ગુમ થનાર રેખાબેન જયેશભાઈ વાઘેલા, લક્ષ્મીમનસુખભાઈ સોલંકી, સોનીદેવી મદનરામ ચંદ્રવંશી, અંજુબેન જીવાભાઈ મકવાણા, રવિનાબેન મનિષભાઈ મકવાણા, ક્રિષ્ના પ્રવિણભાઈ ભાસ્કર, સંગીતાબેન ઉર્ફે ગીતાબેન સુખાભાઈ સોલંકી, દિવ્યેશ સુખાભાઈ સોલંકી, પાયલબેન રાજેશભાઈ નાયક, જયશ્રી રમેશભાઈ સેજુ, ગાયત્રીબેન ભાણજીભાઈ ગોહેલ, સંગીતાબેન દેવજીભાઈ દાતેવાડીયા, સંગીતાબેન ગાશીલાલ શ્રીરામદયાલજી મેઘવાલ, સુનિલભાઈ માવજીભાઈ ચૌહાણને શોધી કાઢયા હતાં.

# બગસરાના જુના વાઘણીયામાં પ્રૌઢા ઉપર પતિએ હુમલો કર્યો

### માથામાં પથ્થર મારી ઇજા કરી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રિપોર્ટર)

બગસરા તાલુકાના જુના વાઘણીયા ગામે કાજલબેન મનુભાઈ ચાવડા ઉ.વ.૪૦ને પતિ મનુ ભીખાભાઈ ચાવડાએ ત્રાસ આપી પૈસા માંગતા પૈસા ન હોવાથી નહીં આપતા ઉશ્કેરાઈ ગાળો બોલી માથામાં કાન પાસે પથ્થર મારી ઈજા કરી ધમકી આપ્યાની બગસરા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

# અમરેલી શહેરમાં ગરમ દાળનું તપેલુ ઢોળાતા બે પરપ્રાંતિ મજુર દાઝી ગયા

### મુળ બિહારના રિજન અને રામને વધુ સારવાર માટે રાજકોટ ખસેડાય

અમરેલી,

અમરેલી સંકુલ ચોકડી આંબેડકર નગર પાસે રહેતા અને ગોડાઉનમાં મજુરી કરતા મુળ બિહારના બે મજુર રિજનભાઈ વિનોદભાઈ મહંતો ઉ.વ.૪૫ તથા રામ બાબુભાઈ સહાની ઉ.વ.૩૨ ગરમ દાળનું તપેલુ ઢોળાતા દાઝી જતાં અમરેલી સારવાર અપાવી રાજકોટ સિવીલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે ખસેડવામાં આવેલ છે. રિજનભાઈના જણાવ્યા અનુસાર પોતે દાળ બનાવીને ગેસ સ્ટવ ઉપરથી તપેલુ ઉપાડીને જમવા માટે લઈ જતાં હતાં. ત્યારે હાથમાંથી તપેલુ છટકતા ગરમ દાળ ઉડતા પોતે હાથે પગે અને પેટના ભાગે તેમજ જમવા બેસેલો રામ પણ કપાળે હાથે પગે દાઝી ગયો હતો.

# વડિયાના બરવાળા બાવીશીના રસ્તા પ્રશ્ને આવેદન અપાયું

### રોષિત થયેલા ગ્રામજનોએ મામલતદારને રજુઆત કરી



વડિયા,(ભીખુભાઈ વોરા)વડીયા તાલુકાના બરવાળા બાવીસી ગામે ખેડૂતોનો ખેતરનો રસ્તો બન્ધ થતા રોષે ભરાયાં મામલતદાર ને આવેદનપત્ર આપવામાં મોટી સંખ્યામાં ખેડૂતો વડિયા મામલતદાર કચેરી પહોંચી કર્યો મામલતદારનો ઘેરાવ કર્યો હતો ખેડૂતોના તૈયાર પાકો ખેતરે પડયા હોવાથી રોશભેર આપ્યું આવેદનપત્ર આપ્યું અને કહ્યું કે અમારો રસ્તો ખુલ્લો કરવાની માગણી કરી હતી ૫૮ ખેડૂતોને ખેતરે જવા આવવા માટે રાજાશાહી વખતનો રસ્તો હતો તે બંધ કરી દેવામાં આવતા ખેડૂતો ને મુશ્કેલી વેઠવી પડી રહી છે ખેડૂતોને ટ્રેકટર ગાડા વાહનો લઈ જઈ શકતા નથી અન્ય કોઈ બે લોકો દ્વારા રસ્તો કરાયો બંધ ૫૮ ખેડૂતોની કુલ ૧૫૦૦ થી ૧૭૦૦ વિઘામાં છે વાવેતર ખેડૂતોએ કલમ ૫ મુજબ દાવો દાખલ કરી રસ્તો ખુલ્લો કરાવવા કરી માંગ ખેડૂતોનો દિન બે મા રસ્તો ખુલ્લો નહિ થાય તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન અથવા ચૂંટણી બહિષ્કારની ચીમકી આપી હતી.

# સુરતમાં ડેરીમાંથી ડુપ્લીકેટ શુધ્ધ ઘી નાં પાઉચ કબ્જે કરાયાં : પોલીસે ડેરીનાં માલીકની ધરપકડ કરી

# અમરેલીમાં રકતદાન કેમ્પ બદલ આભારની લાગણી વ્યકત કરાઇ

### કેમ્પમાં રત્નકલાકારો દ્વારા ૨૫૫ યુનિટ રકત એકત્ર



અમરેલી,અમરેલી શહેરમાં ગ્રુપ દ્વારા આયોજિત રકતદાન કેમ્પ ની અંદર કારખાનેદાર શ્રી મેનેજર તેમજ રત્ન કલાકાર શ્રીઓ બહેનો દ્વારા ૨૫૫ યુનિટ રક્તદાન કરવામાં આવેલ તે બદલ વેદ વોલન્ટરી બ્લડ બેંક બધાનો દિલથી આભાર માને છે.

## આગામી લોકસભાની ચૂંટણી શાંતિપુર્ણ યોજાય તે માટે પોલીસની સતર્કતા

# અમરેલી જિલ્લામાં દેશી દારૂના ૧૦ સ્થળે દરોડા : બે મહિલા સહિત ૭ ઝડપાયા

### પોલીસે દરોડા પાડી જિલ્લામાં જુદા જુદા સ્થળોએથી બે વાહનચાલક સહિત ૧૫ નશો કરેલ હાલતમાં ઝડપી લીધા

અમરેલી,(ક્રાઈમરિપોર્ટર)

અમરેલી જિલ્લામાં આગામી લોકસભાની ચૂંટણીઓ નજીકમાં હોય ત્યારે જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે જિલ્લા પોલીસ વડા હિંમકરસિંહ દ્વારા અપાયેલ માર્ગદર્શન મુજબ પોલીસે સતર્ક બની જિલ્લામાં દારૂ અને જુગારની બદીને દુર કરવા અવિરત પણે કાર્યવાહીનો દૌર ચાલુ રાખેલ છે. જેમાં અમરેલી, બાબરા, અમરેલી રૂરલ, જાફરાબાદ, ચલાલા, મરીન પીપાવાવ, લાઠી, લીલીયા, જાફરાબાદ મરીન,સાવરકુંડલા, ધારી, સાવરકુંડલા રૂરલ પોલીસ દ્વારા બે વાહન ચાલકો સહિત ૧૫ શખ્સોને નશો કરેલ હાલતમાં છાકટા બનેલ લોકોને ઝડપી લઈ કાયદાનું ભાન કરાવ્યું હતું જયારે અમરેલી જિલ્લામાં જુદા જુદા ૧૦ સ્થળોએ દેશી દારૂના દરોડાઓ પાડી બે મહિલા સહિત ૭ શખ્સોને ઝડપી પાડયા હતાં જેમાં જાફરાબાદ, બગસરા, મરીનપીપાવાવ, સાવરકુંડલા, ધારી, સાવરકુંડલા રૂરલ, રાજુલા, અમરેલી શહેર અને દામનગર પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા. ૪.૪.૨૦૨૪ ગુરુવાર ,સંવંત ૨૦૮૦ ફાગણ વદ દશમ, શ્રવણ નક્ષત્ર, સિદ્ધ યોગ, બવ કરણ આજે જન્મેલાંની ચંદ્રરાશિ મકર (ખ,જ) રહેશે.

### આજની તારીખ માં અંક ૪ ત્રણ વાર રિપીટ થાય છે!

૩૧ માર્ચ ૨૦૨૪ના અંક માં અને ૨ એપ્રિલ ૨૦૨૪ના અંકમાં લખ્યા મુજબ યુદ્ધ અને હથિયારોનો બેફામ ઉપયોગ ચાલુ થયો છે ઈઝરાયલનો સીરિયામાં હુમલો વળી અગાઉ લખ્યા મુજબ ઈસ્તંબુલની નાઈટકલબમાં ભયાનક આગ લાગી હતી તો તાઈવાન અને જાપાનમાં ભૂકંપ મહેસુસ થયો છે..શનિ યુતિ અને બે ગ્રહણ વચ્ચેના સમયમાં ઘટનાક્રમ તેજ બન્યો છે જે વિષે અગાઉ જ અત્રે જણાવી ચુક્યો છું! આ સમયમાં રાજનીતિમાં પણ મોટા ઉલટફેર થાય. હાલ બુધ મહારાજ વક્રી ચાલી રહ્યા છે મેષમાં ગુરુ સાથે શેરબજાર,વ્યાપાર અને સોનામાં તેજી લાવી રહ્યા છે પરંતુ ૯ એપ્રિલના વક્ર ગતિથી ફરી મીનમાં પ્રવેશ કરશે જ્યાં ફરી સૂર્ય રાહુ સાથે યુતિમાં



આવશે એટલે આગામી સપ્તાહમાં શેરબજારમાં અચાનક ફેરફાર જોઈ શકાય વળી સોનાના ભાવમાં પણ થોડી પીછેહઠ જોવા મળશે તો આયાત નિકાસ બાબતે કેટલીક નવી ગાઈડ લાઈન કે નિયમો આવતા જોવા મળે વળી કેટલીક ડીલ અટકતી જોવા મળશે. મુદ્રસ્થતિમાં પણ અચાનક ફેરફાર જોવા અને ક્રિપ્ટો કરન્સી બાબતે પણ મહત્વની બાબતો સામે આવતી જોવા મળે વળી ઓનલાઈન ફ્રોડ અને સોસીઅલ મીડિયાની કેટલીક નેગેટિવ બાબતો સામે આવતી જોવા મળે! આજની તારીખ માં અંક ૪ ત્રણ વાર રિપીટ થાય છે જે રાહુની પકડ હાલના સમય પર વધારે છે તેમ દર્શાવે છે અને અચાનક ઘટનાક્રમમાં ફેરફાર છે!

મેષ (અ,લ,ઈ) : વિચારોનું આદાન પ્રદાન કરી શકો, મનોમંથન કરી શકો, કાર્ય માટે નવી યોજના બનાવી શકો.
વૃષભ (બ,વ,ઉ) : તમારા કાર્યમાં સહાય મળે, ધાર્યા કામ પર પડી શકો, નાના યાત્રા પ્રવાસ કરી શકો .
મિથુન (ક,છ,ઘ) : ધીમે ધીમે પરિસ્થતિ તરફેણ માં આવે, મિત્રોની મદદ મળી રહે, વિચારોમાં પરિવર્તન જોવા મળે.
કર્ક (ડ,હ) : સંયુક્ત સાહસો માં સારું રહે, વિવાહયોગ્ય મિત્રો માટે સારી વાત આવી શકે, શુભ દિન.
સિંહ (મ,ટ) : તમને વારંવાર દુઃખ હશે, સંબંધોમાં યોગ્ય પ્રતિભાવ ના મળે, નકારાત્મક વિચારો દૂર કરી આગળ વધશો તો લાભ થશે.
કન્યા (પ ,ઠ ,ણ ) : ઉચ્ચ અભ્યાસ કરવા ઈચ્છતા મિત્રો ને આગળ સારું રહે, વિદેશ બાબત વિચારી શકો, મધ્યમ દિવસ .
તુલા (ર,ત) : તમામ ભૌતિક સુખ સગવડ આપતો દિવસ, પ્રગતિ થાય, નવી વસ્તુ વસાવી શકો , દાયકદિવસ .
વૃશ્ચિક (ન ,ય ) : ભાઈ ભાંડુ સુખ સારું રહે, મિત્રોની મદદ થી કાર્ય સિદ્ધ થાય, આગળ વધવાની તક પ્રાપ્ત થાય .
ધન (ધ ,ભ ,ફ ,ઢ ) : સામાજિક કૌટુંબિક કાર્ય કરી શકો, તમારા વિચારોની સરાહના થાય, દિવસ શુભ રહે.
મકર (ખ ,જ ) : તમારી જાતને સમજવાની તક મળે, એકાંત થી થાય, મનોમંથન કરવું જરૂરી બને .
કુંભ (ગ ,સ,શ ) : વાણી વર્તનમાં વિશેષ કાળજી રાખવી પડે, કોઈને તમારાથી દુઃખના થાય તે કાળજી રાખજો, દિવસ મધ્યમ રહે.
મીન (દ ,ચ ,ઝ ,થ) : મિત્રો સાથે હળવાશની પળો વિતાવી શકો, અણધાર્યા લાભ થઈ શકે, ખુશીનો માહોલ રહે, આનંદદાયક દિવસ.

# સુત્રાપાડાના પ્રાંસલી તથા પ્રાંચીમાં ૭૩ લાખનો શંકાસ્પદ અનાજનો જથ્થો સિઝ

### કલેકટરના હુકમથી અનાજનો જથ્થો સિઝ કરી તપાસ હાથ ધરી

ઉના,જાણવા મળતી વિગત મુજબ ગીર સોમનાથ જિલ્લાના નીષ્ઠાવાન કલેક્ટર શ્રી દિગ્વિજયસિંહ ડી. જાડેજાની સૂચના અને સીધા માર્ગદર્શન હેઠળ અધિક નિવાસી કલેક્ટર શ્રી રાજેશ આલની નેજા હેઠળ સૂત્રાપાડા તાલુકાનાં પ્રાંસલી ગામે પ્રાંસલી માર્કેટિંગ યાર્ડ ખાતે ગેરકાયદેસર શંકાસ્પદ અનાજના જથ્થાનો સંગ્રહ કરતા હોવાનું તથા હેરાફેરી થતું હોવાનું જાણવા મળતા તપાસ હાથ ધરવામાં આવી હતી.આવી ગેરકાયદેસર સંગ્રહની પ્રવૃત્તિઓ અટકાવવા તથા તેની ઉપર નજર રાખવાના હેતુસર તા.૨૯/૦૩/૨૦૨૪ ના રોજ બપોરના ૩:૦૦ કલાકે જિલ્લા કલેક્ટર જાડેજા,અધિક નિવાસી કલેકટર આલ,જિલ્લા પુરવઠા ની ટીમ, મામલતદારશ્રી સૂત્રાપાડા ટીમ, મામલતદારશ્રી તાલાલા તથા તેમની ટીમ તેમજ મામલતદારશ્રી કોડીનારની ટીમ દ્વારા સંયુકત રીતે વોચ ગોઠવી પ્રાંસલી માર્કેટિંગ યાર્ડમાં અલગ-અલગ કુલ ૧૦ થી ૧૨ દુકાનોની તપાસ કરતાં ઘઉં, ચોખા, બાજરી અને ચણાનો કુલ ૧,૯૭,૭૫૦ કિ.ગ્રા.નો રૂ.૬૪,૩૨,૮૫૦/-નો ગેરકાયદેસર/શંકાસ્પદ અનાજનો જથ્થો મળી આવ્યો હતો. આ સાથે, તેની હેરફેર માટેની બોલેરો પીકઅપ સીઝ કરવામાં આવેલ હતો.આજ સંદર્ભમાં શંકાસ્પદ જથ્થા બાબતની વધુ સઘન તપાસ કરતાં પ્રાચી ખાતે શંકાસ્પદ જથ્થો હોવાનું જાણવા મળ્યો હતો.જે અર્થે પ્રાચી મુકામે વેરાવળ પ્રાચી રોડ ઉપર કે.કે.મોરી સ્કૂલ વાળી ગલીમાં આવેલ વિવિધ દુકાનોની તપાસ કરતાં તેમાં પણ ઘઉં, ચોખા, બાજરી અને ચણાનો કુલ ૨૯,૯૨૫ કિ.ગ્રા.નો રૂ. ૮,૮૩,૧૩૫નો જથ્થો મળી આવ્યો હતો. આ શંકાસ્પદ જથ્થો પણ કલેક્ટર તંત્ર દ્વારા સીઝ કરવામાં આવ્યો હતો.આમ, કુલ મળીને ૨,૨૭,૯૭૫ કિ.ગ્રા. નો રૂ.૭૩,૧૫,૯૮૫/-ની રકમનો આવશ્યક ચીજ વસ્તુનો જથ્થો સીઝ કરવામાં આવ્યો હતો. જેની વધુ ઊંડાણપૂર્વક ગીર સોમનાથ કલેકટર દ્વારા જો તપાસ હાથ ધરવામાં આવશે તો હજુ ગીર સોમનાથ જિલ્લા ના ઘણા ના નામ ખૂલવાની શંકા છે અને ગીર ગઢડા તથા ઉના તાલુકા ના ગામડે ગામડે રિક્ષા દ્વારા ગરીબ પરિવારો ને અપાતું રેસનિંગ અનાજ નો જથ્થો પણ પ્રાશલી બાજુ જતું હોવાનું જાણવા મળી રહ્યુ છે જો કલેક્ટર દ્વારા યોગ્ય તપાસ કરવામાં આવે તો ઉના બાજુથી રાજકીય ના સગા વ્હાલા ના નામ ખૂલવાની આશંકા છે

# સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

## કપાસ ૧૦૧૫ થી ૧૫૮૩ મગફળી ૧૦૨૬ થી ૧૨૭૭

**અમરેલી માર્કેટ યાર્ડ**
શિંગમઠડી-૧૧૨૯-૧૨૩૦
શિંગમોટી-૧૦૨૬-૧૨૭૭
ધાણી-૧૨૮૦-૨૪૪૦
તલસફેદ-૧૫૦૦-૨૭૫૧
અજમા-૨૨૦૦-૨૨૧૦
બાજરો-૩૫૦-૪૨૯
ઘઉંટુકડા-૪૧૪-૭૧૨
ઘઉંલોકવન-૪૧૦-૫૮૨
એરંડા-૧૦૫૦-૧૧૧૭
ચણા-૮૮૮-૧૧૦૧
કપાસ-૧૦૧૫-૧૫૮૩
રાયડો-૭૨૫-૮૯૭
જીરૂ-૩૬૯૦-૫૨૭૫
ધાણા-૧૩૪૦-૧૮૩૦
સોયાબીન-૭૦૦-૮૯૫
તુવેર-૧૦૪૦-૧૯૫૬
મરચાલાંબા-૭૦૦-૫૫૫૦

**અમરેલી શાકભાજી**
બટેટા-૪૦૦-૪૯૦
રીંગણા-૩૨૦-૪૨૦
ફલાવર-૨૩૦-૨૯૦
કોબીઝ-૧૬૦-૨૦૦
ટમેટાં-૨૦૦-૨૯૦
વટાણા-૧૦૦૦-૧૧૦૦
ગાજર-૧૭૦-૨૪૦
કારેલા-૫૦૦-૬૦૦
ગલકા-૪૧૦-૫૨૦
કાકડી-૨૦૦-૩૦૦
ગુવાર-૬૦૦-૧૨૧૦
ચોળાલીલા-૫૦૦-૭૦૦
તુરીયા-૬૦૦-૮૦૦
ભીડો-૭૦૦-૮૦૦
આદુ-૨૨૨૦-૨૪૨૦
કોથમીર-૨૦૦-૩૦૦
મેથીભાજી-૩૫૦-૪૫૦
ટીંડોરા-૬૦૦-૭૦૦
લીમડોમીઠો-૧૮૦-૨૨૦
મરચાલીલા-૪૦૦-૫૧૦
લસણલીલું-૧૨૦૦-૧૪૦૦
લીંબુ-૧૬૨૦-૨૦૨૦
પાલક-૩૦૦-૪૦૦

**રાજુલાયાર્ડ**
બાજરો-૪૨૫-૫૬૦
જુવાર-૭૦૦-૯૦૬
ઘઉં-૪૬૫-૬૧૧
જુવાર-૭૦૦-૯૦૬
ચણા-૯૫૦-૧૦૯૩
સોયાબીન-૮૫૦-૮૬૦
શીંગ-૮૫૦-૧૧૨૫
તુવેર-૧૨૦૦-૧૫૦૧
કપાસ-૧૦૦૦-૧૫૦૫
જીરૂ-૧૯૦૦-૩૯૦૦
મેથી-૧૦૦૦-૧૦૫૧

**મહુવાયાર્ડ**
ઘઉં-૩૦૦-૮૫૬
ડુંગળીલાલ-૧૦૦-૩૬૯
ડુંગળીસફદે-૨૫૦-૨૯૯
ધાણા-૮૫૫-૧૯૦૧
એરંડા-૯૬૦-૧૦૯૨
તુવેર-૧૫૬૦-૨૦૯૪
ચણા-૯૦૫-૧૦૯૫
નાળીયેર-૫૦૦-૧૭૯૦
મકાઈ-૪૨૨-૪૨૨
કપાસ-૯૮૫-૧૪૬૬
સોયાબીન-૮૦૧-૮૦૧

**બાબરા**
કપાસ-
ધાણા-
ચણા-
ઘઉં-
તુવેર-
જીરૂ
મગફળી-

**ધારી**
કપાસ-૧૨૦૦-૧૫૦૧
મેથી-૯૫૦-૯૫૦
ધાણા-૧૨૬૫-૧૩૫૪
સોયાબીન-૭૦૧-૮૩૬
ચણા-૯૨૫-૧૦૮૭
ઘઉં-૪૦૦-૫૩૦
તુવેર-૧૬૩૭-૧૯૫૧
મગ-૧૮૫૧-૧૮૫૧
એરંડા-૧૧૦૦-૧૧૨૫

**સાવરકુંડલા માર્કેટયાર્ડ**
શીંગમોટી-૧૦૦૪-૧૨૫૧
તલસફેદ-૨૫૦૦-૨૫૮૦
જીરૂ-૩૧૦૦-૪૭૦૦
તુવેર-૧૫૦૦-૧૮૭૫
કપાસ-૧૩૫૧-૧૫૪૧
ઘઉં-૪૪૦-૫૩૬
જુવાર-૭૫૦-૯૦૦
ધાણા-૧૩૫૧-૨૫૫૧
ચણા-૧૦૩૦-૧૧૫૦
એરડી-૧૧૦૦-૧૧૨૯
મેથી-૬૫૦-૧૦૦૦

**ખાંભા**
કપાસ-૧૩૦૧-૧૫૭૬
ઘઉં-૪૫૦-૫૨૦
ધાણા-૧૪૬૦-૧૪૬૦
એરંડા-૧૦૮૦-૧૦૮૦
જુવારસફેદ-૮૩૧-૮૩૧
તુવેર-૧૭૦૦-૧૭૮૦
વાલ-૧૪૦૦-૧૪૦૦
ચણા-૧૦૨૬-૧૦૮૧

**બગસરા**
કપાસ-૧૨૦૦-૧૫૩૫
મગફળી-૧૦૦૦-૧૦૦૦
મેથી-૭૮૦-૯૭૦
ઘઉંલોકવન-૩૬૧-૪૬૦
ઘઉંટુકડા-૩૯૧-૪૮૬
તુવેર-૧૫૧૦-૧૮૦૦
સોયાબીન-૭૦૦-૮૬૫
ધાણા-૧૨૦૦-૧૪૫૦
ધાણી-૧૮૭૦-૧૮૭૦
તલસફેદ-૨૨૫૧-૨૩૦૦
રાય-૮૪૫-૮૪૫

**અમરેલીફ્રુટમાર્કેટભાવ**
ચીકુ-૨૦૦-૩૪૦
દાડમ-૫૦૦-૧૬૦૦
મુસંબી-૮૦૦-૧૦૦૦
સંતરા-૧૦૦-૧૯૦૦
કીવી-૨૫૦૦-૩૮૦૦
ડ્રેગન ફ્રુટ-૧૮૦૦-૨૨૦૦
કેસરકેરી-૩૦૦૦-૩૯૦૦
કેળા-૪૦૦-૫૪૦
પોપૈયા-૩૦૦-૬૫૦
સફરજન હિમાચલ-
સ.કાશ્મીર-૨૦૦૦-૩૪૦૦
અનાનસ-૧૩૦૦-૧૬૦૦
અંગુર-૮૦૦-૧૩૦૦

**લીલીયા**
કપાસ-૧૨૭૮-૧૫૧૬

### અમરેલી આજનુ તાપમાન

મહ ।મ તાપમાન ૩૬.૮
ન્યુનતમ તાપમાન ૨૧.૬
ભેજનું પ્રમાણ ૫૨
પવનની ગતિ સરેરાશ-.૫.૯

## આજથી દસ દિવસ હિટવેવ : ૭ એપ્રિલથી ઉત્તર પુર્વમાં ગાજવિજ સાથે વર્ષા : ઈન્ડિયન મેટ્રોલોજીકલ ડિપાર્ટમેન્ટ આઈએમડી દ્વારા

# હિટવેવની આગાહીના પગલે અમરેલી ડિવીઝનમાં તકેદારીના પગલા

### અમરેલી પીજીવીસીએલ દ્વારા અવિરત વિજપુરવઠો વિજ ગ્રાહકોને મળી રહે તેવી ખાસ વ્યવસ્થા કરવામાં આવી

### પીજીવીસીએલ દ્વારા ટોલ ફ્રી નંબર ૧૯૧૨૨ ઉપર પણ સંપર્ક થઇ શકશે

### ડિવીઝનમાં વિજ પુરવઠા અને સલામતી અંગેની રજુઆત માટે પીજીવીસીએલના કસ્ટમર કેર સેન્ટરનો સંપર્ક સાધવો

અમરેલી,

ભારતીય હવામાન વિભાગે ૩ એપ્રિલથી વિવિધ રાજયોમાં તાપમાન સામાન્યથી વધારે રહેવાની આગાહી સાથે હિટવેવની ચેતવણી આપી છે. અનેક રાજયોમાં આજથી ૧૦ દિવસ હિટવેવ રહેવા શકયતા છે. ૭ એપ્રિલે પુર્વતર ભારતમાં ગાજવીજ અને વરસાદની પણ શકયતા છે. હિટવેવની આગાહી ઈન્ડિયન મેટ્રોલોજીકલ ડિપાર્ટમેન્ટ દ્વારા કરાતા અમરેલી વિજ સર્કલમાં તકેદારીના જરૂરી પગલાઓ લેવામાં આવ્યા છે.

ઈન્ડિયન મેટ્રોલોજીકલ ડિપાર્ટમેન્ટ આઈએમડી દ્વારા હિટવેવની આગાહીના પગલે અમરેલી જિલ્લામાં તકેદારીના પગલાઓ લેવાઈ રહ્યા છે. અમરેલી પીજીવીસીએલ દ્વારા અવિરત વિજપુરવઠો વિજ ગ્રાહકોને મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે. લોકો વિજ પુરવઠા અને સલામતી અંગેની રજુઆત માટે પીજીવીસીએલના કસ્ટમર કેર સેન્ટરનો સંપર્ક સાધવો જરૂર પડયે પીજીવીસીએલ દ્વારા ટોલ ફ્રી નં. ૧૯૧૨૨ ઉપર પણ સંપર્ક થઈ શકશે તેમ અમરેલી પીજીવીસીએલના સુત્રોએ લોકોને જાગૃત કરવા જણાવ્યું છે.

### પહેલા પાનાનું
### મતદારો સાથે સંવાદ

અમરેલી જીલ્લા ભાજપ કાર્યકર્તાઓને માર્ગદર્શન આપશે. આગામી લોકસભા ચુંટણીના અનુસંધાને ગુજરાત રાજ્યનાં મુખ્યમંત્રી આજે તારીખ ૪ ને ગુરુવારનાં રોજ અમરેલીની મુલાકાત માટે આગમન થનાર છે . આજે સવારે ૯:૦૦ કલાકે તેમના આગમન બાદ હોટેલ લોર્ડ્સ ઈન ખાતે અમરેલી જીલ્લામાં તમામ અને જવાબદાર કાર્યકર્તા ઓથી એક બૃહદ બેઠકને સંબોધન કરશે અને ત્યાર બાદ ૧૧:૧૫ કલાકે શ્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા મતદારો સાથે સંવાદ કાર્યક્રમ યોજાશે. મુખ્યમનત્રીશ્રીનાં આગમન પુર્વે પોલીસ ત્તંત્ર દ્વારા અમરેલીમાં રીહર્સલ કરાયું હતું. આ બેઠક દરમ્યાન લોકસભા કલસ્ટર ઈન્ચાર્જ શ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમા ,શ્રી દિલીપભાઈ સંઘાણી ,શ્રી નારણભાઈ કાછડીયા,શ્રી ધર્મેન્દ્રસિંહજી જાડેજા,શ્રી ભરતભાઈ બોઘરા,શ્રી કૌશિકભાઈ વેકરીયા,શ્રી રાજેશભાઈ કાબરીયા,શ્રી મહેશભાઈ કસવાલા,શ્રી હીરાભાઈ સોલંકી,શ્રી જે.વી.કાકડિયા,શ્રી જનકભાઈ તળાવીયા તથા પૂર્વ ધારાસભ્યો,પૂર્વ જીલ્લા ભાજપ પ્રમુખો તથા જીલ્લાનાં મહત્વનાં ઉપસ્થિત રહશે. મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલનાં અમરેલી પ્રવાસ અંગે જિલ્લા ભાજપ દ્વારા તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાયો છે.

### ખેતી જમીનનો વેચાણ દસ્તાવેજ કરતા પહેલા જાહેર જનતાની જાણ માટેની નોટીસ

આથી અમો નીચે સહી કરનાર શ્રી એસ.એસ.જામ, એડવોકેટ - ધારીનાં આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસ આપી જાણ કરીએ છીએ કે,

| ક્રમ | મિલ્કતનું વર્ણન | મિલ્કત માલીકનું નામ |
|---|---|---|
| ૧ | મોજે હુડલી, તા.ધારી, જી.અમરેલી, રાજ્ય ગુજરાત એ ગામની ખેતીની જમીન ખાતા નં.૧૦૧, સર્વે નં.૧૧૩ પૈકી ૩ હેક્ટર ૧.૧૧.૧૨ આકાર રૂા.૪-૯૪ | ગોરધનભાઇ હરિભાઇ સાવલીયા |

ઉપરોક્ત વિગતેની ખેતીની જમીન અમારા અસીલ હાલના જમીન માલીક પાસેથી કાયદેસરના વેચાણ દસ્તાવેજથી ખરીદ કરવા સોદો ચોક્કસ કરેલ છે. સદરહુ ઉપરોક્ત સર્વે નંબરવાળી જમીન સબંધે કોઇપણ વ્યક્તિનો કોઇપણ પ્રકારે કાંઇપણ લાગ ભાગ, હક્ક, હિત, હિસ્સો સમાયેલો હોય અગર તો સદરહુ જમીન સબંધે કોઇપણ વ્યક્તિ કે સંસ્થા કે નાણાકીય સંસ્થાનું અગર તો સરકારી, સહકારી બેંક - મંડળી વિગેરેનું કોઇનું કાંઇપણ કરજ, લ્હેણુ, ગીરો કે અન્ય કોઇપણ પ્રકારે કાંઇપણ લ્હેણ - દેણ, માલીકી હક્ક દાવો વિગેરે જે કાંઇ હોય તેઓએ તેના તમામ લેખીત દસ્તાવેજી આધાર પુરાવા નોટરાઇઝડ કરી - કરાવરાવી આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિવસ-૮ માં નીચેના સરનામે રજીસ્ટર્ડ એ.ડી. પત્રથી અમોને મોકલી આપવા આ જાહેર નોટીસ પ્રસિધ્ધ કરી જાહેર જનતાને જાણ કરીએ છીએ. સમય મર્યાદામાં કોઇપણ વ્યક્તિ, સંસ્થા કે નાણાકીય સંસ્થા તરફથી કાંઇપણ કાયદેસરના વાંધા તકરાર રજુ કરવામાં કસુર થયે ઉપરોક્ત સર્વે નંબરવાળી જમીન ઉપર કોઇપણ વ્યક્તિનું કે સરકારી, સહકારી બેંક - મંડળીનું કાંઇપણ લ્હેણ - દેણ, માલીકી હક્ક દાવો નહી હોવાનું માની મુદત વિત્યે અમારા અસીલ ઉપરોક્ત સર્વે નંબરવાળી જમીનનો કાયદેસરનો પાકો વેચાણ દસ્તાવેજ રજીસ્ટ્રેશન કરાવવા માટેની નિયમાનુસારની જરૂરી કાર્યવાહી કરશે અને જમીનનો કાયદેસર વેચાણ દસ્તાવેજ સબ રજીસ્ટ્રારશ્રીની કચેરીમાં નોંધણી કરાવશે. મુદત વિત્યે આવેલ વાંધા તકરાર કે હક્ક દાવો અમારા અસીલને બંધનકર્તા રહેશે નહી તેની સર્વે જનતાએ સ્પષ્ટ નોંધ લેવી.

સ્થળ : ધારી
તારીખ : ૦૨-૦૪-૨૦૨૪

**એસ.એસ.જામ - એડવોકેટ**
પત્ર વ્યવહારનું સરનામું :- શ્રી એસ.એસ.જામ (એડવોકેટ)
ઠે.યોગીનગર, મુ.ધારી, જી.અમરેલી મો.૯૩૨૭૦ ૨૭૧૮૬

### CHANGE OF NAME

I THE UNDERSIGNED DHANANI SHRADDHABEN RAJESHBHAI CHANGED MY NAME FROM DHANANI USHABEN RAJESHBHAI NOW I AM KNOWN AS DHANANI SHRADDHABEN RAJESHBHAI

Satyam, 7-Sukhanath para,
Liliya Road, Amreli - 365601


સ્પે.કપલ ટુર - ફેમીલી ટુરનું સુંદર આયોજન
કાશ્મીર શ્રીનગર | સિમલા - કુલ્લુ - મનાલી ડેલહાઉસી - અમૃતસર | ગોવા - મહાબળેશ્વર લોનાવાલા - ઇમેજીકા
રોયલ રાજસ્થાન | દિલ્હી - અક્ષરધામ - હરિદ્વાર ગોકુલ - મથુરા - આગ્રા | બનારસ - અલ્હાબાદ નેપાળ - પોખરા
બેંગ્લોર - મૈસુર - ઉટી - કન્યાકુમારી ત્રિવેન્દ્રમ - રામેશ્વર - તીરૂપતિ | કલકતા - ગંગાસાગર જગન્નાથપુરી - ભુવનેશ્વર
કેરાલા | લેહ લદાખ | દાર્જીલીંગ
દુબઇ - થાઇલેન્ડ - બાલી - સિંગાપોર - મલેશિયા - ક્રુઝ
પાસપોર્ટ માર્ગદર્શન • રેલ્વે બુકિંગ • ફ્લાઇટ બુકિંગ • વિઝા
મિત્સ હોલીડેઝ
૭૫, ગ્રાઉન્ડ ફ્લોર, સરદાર કોમ્પલેક્ષ, જિલ્લા પંચાયત રોડ, અમરેલી
બુકીંગ માટે સંપર્ક કરો... મો.૯૭૨૫૯ ૮૨૧૮૩



શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઇ શકે...
• કોઇપણ ઉમરના વ્યક્તિની બહેરાશની તપાસ
• બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
• વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
• જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
• જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
• પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પુજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે ૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮



ખેતીની જમીન વેચવાની છે
ચાવંડ - ઢસાની વચ્ચે જાનબાઇની દેરડીમાં કરકોલીયા ગામના રસ્તે રોડ ઉપર ૧૫ વિઘા પાણીનો બોર, વિજળી કનેક્શન વાળી તેમજ (૫) પાંચ વિઘા ખેતર વેચવાનું છે
અમરેલીથી રાજુલા જતા આદસંગ ગામ પાસે ૧૧ વિઘા પાકો કુવો, લાઇટ, આંબાવાડી કે કોઇપણ ફળ - ફુલનું વાવેતર થઇ શકે તેવી જમીન
અમરેલી રંગપર વડેરા ગામની (૭) સાત વિઘા જમીન ફળદ્રુપ જમીન વેચવાની છે
અમરેલી ધારી રોડ ઉપર નેશનલ હાઇવે ટચ ૧૦ વિઘા કરાળ જમીન તેમજ ૩૮ વસા બિનખેતીમાં ફેરવાયેલ ઔધોગીક પ્રાઇમ લોકેશનનાં પ્લોટ
લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪



MARUTI SUZUKI ARENA
BREZZA
WICKEDLY POWERFUL





Sale Helpline: 99046 49999 | Service Helpline: 99045 49999
Alpha Autolink
મારૂતિ સુઝુકી (ઓથોરાઇઝ ડીલર) લાઠી રોડ બાયપાસ અમરેલી



અમરેલીથી તદ્દન નજીક શાંત અને નયનરમ્ય કુદરતી વાતાવરણમાં ભવ્ય આકાર લઇ રહયુ છે તમારૂ પોતાનું
હારમની વિકેન્ડ વિલા
અમરેલી જિલ્લાના વતનીઓ માટે વતનમાં વિલા





આ છે અહીંની વિશેષતાઓ...
• વિક્ટ્રીફાઇ ટાઇલ્સ • સ્ટાન્ડર્ડ ક્વોલીટીમાં બાથરૂમ ફીટીંગ
• સ્ટાન્ડર્ડ બારી દરવાજા • મેઇન ગેટે સિક્યુરીટી
• ગ્રેનાઇટ પ્લેટફોર્મ • ૨૪ કલાક જનરેટરની સુવિધા
• આઇ.એસ.આઇ. બ્રાન્ડેડ લાઇટ ફીટીંગ
• સ્ટીલ ગ્રેલીંગ • આર.સી.સી. રોડ
• સીસીટીવી કેમેરાથી સુસજ્જ
અત્યારની તમામ આધુનિક સુવિધાઓ સાથે નયનરમ્ય વાતાવરણ
સાઇડ એડ્રેસ :- સાવરકુંડલા રોડ, નવા માર્કેટીંગયાર્ડ સામે, ચક્કરગઢ, અમરેલી
ટાઇટલ ક્લીયર લોનેબલ
વધુ માહિતી તેમજ બુકીંગ માટે સંપર્ક કરો
મો.૮૨૦૦૮ ૬૭૭૭૬, મો.૭૦૬૯૯ ૦૩૫૩૩



જય ઉમિયા માતાજી | ૐ નમો નારાયણ | જય નાગનાથ મહાદેવ | 94281 90118
ઉમિયા ફેશન
એક જ ભાવ
સાઇઝ S TO 5XL
ઉનાળામાં પણ ઠંડકનો અહેસાસ
ઉમિયાનું ઉનાળુ કલેક્શન છે ખાસ....
કેપ્રી | જીન્સ | કોટન ટ્રેકપેન્ટ
શોર્ટસ | નાઇટવેર | કોલર પોકેટ - ટી શર્ટ
બરમુડા | સેન્ડો ટી-શર્ટ | ફુલ/હાફ સ્લીવ ટી-શર્ટ
(જોકી, કાંચીરો, કીલવીલ, બ્લેક વાઇન, પ્લેયર્સ, હકુયો)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઇલ સામે, અમરેલી. (નાના આંકડિયા વાળા)



વી. કે. મોટર્સ
VK MOTORS Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE ▮ SPARE ▮ INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail:kanpariyavipul4025@gmail.com



શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એક જ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઇક નવું...
(બાબરાવાળા)
આનંદ ક્લોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૫૪૪



શ્યામ આંખની હોસ્પિટલ
ડો. કપિલ બી. વરૂ (M.S.)
(આંખના સર્જન)
મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત
૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી
અહીં ઉપલબ્ધ સારવાર :
• અતિ આધુનિક ફેકો મશીન પધ્ધતિથી ઇન્જેક્શન, ટાંકા તેમજ પટ્ટી વગર મોતિયાના ઓપરેશન
• ઓપરેશન પછી ફક્ત ૧૦ મીનીટમાં રજા તમામ પ્રકારના જટિલ મોતીયા તથા બાળકોના મોતિયાના ઓપરેશન
• તમામ પ્રકારના મોનોફોકલ, મલ્ટિફોકલ, ટોરિક જેવા પ્રિમિયમ નેત્રમણી (LENS) સાથેના ઓપરેશન
• વેલનું અતિ આધુનિક રીતે પ્લાસ્ટીક સર્જરી દ્વારા ટાંકા વગરનું ઓપરેશન
• અદ્યતન મશીન દ્વારા આંખના નંબરની તપાસ તથા પાંપણના ઓપરેશન
• કીકીને લગતા તમામ રોગોની સારવાર, ઝામર તેમજ ઝામર સાથે મોતિયાના ઓપરેશન
• ડાયાબિટીસ તેમજ બી.પી.ના દર્દીઓને આંખના પડદામાં થતા નુકશાનની સચોટ તપાસ તેમજ સારવાર
• ઇમ્પોર્ટેડ લેસર મશીનથી છારી ઉતારવાની સુવિધા
-: સ્થળ :-
-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦
-: રાજુલા :- શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦



રજી.સે.શ.૩૬૭૫૨ || સત્યમેવ જયતે || ઓડીટ વર્ગ 'અ'
અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.
ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફિસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૨૭૨૯૯
દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ
૫૦ હજારની એફડી ઉપર ભેટ મેળવો

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

આકર્ષક વ્યાજદરો
સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા
■ દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીક્સ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
■ દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
■ દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યકિતગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
■ ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)
વિશ્વાસ તમારો અને મહેનત અમારી
અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.
• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઇન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.
• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧)૨૩૩૨૯૯
• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

